1. કોઈ પણ પાંચ મહાજનપદનાં વર્તમાન નામ જણાવો.

➢ પાંચ મહાજનપદનાં વર્તમાન નામ નીચે પ્રમાણે છે : મહાજનપદનું નામ મહાજનપદનું વર્તમાન નામ 1. કાશી = કાશી, બનારસ (ઉત્તર પ્રદેશ) 2. મલ્લ = ગોરખપુર જિલ્લો 3. કુરુ = થાણે સ્વર, દિલ્લી અને મિરત જિલ્લો 4. સૂરસેન = મથુરા શહેર અને જિલ્લો 5. અવંતિ = માળવાનો પ્રદેશ

2." લિચ્છવીઓની પ્રજાની એકતા અને શિસ્ત પ્રસંશનીય હતી." સમજાવો.

➢ બોદ્ધ ગ્રંથોમાં જુદી જુદી જાતિઓનાં ગણરાજ્યોનો ઉલ્લેખ છે. તેમાં વૈશાલીના લિચ્છવીમો, કપિલવસ્તુના શાક્યો, પાવા અને કુશીનગરના મલ્લો, પીપલીવનના મોરિય, સુમસુમારના ગિરિના મગ્ન અને મિથિલાના વિદેહો નોંધપાત્ર છે. આ સમયમાં વૈશાલીના લિચ્છવીઓનું ગણરાજ્ય ખૂબ જ બળવાન હતું. 9 મલ્લ ગણરાજ્યો તથા કાશી અને કોશલનાં 18 ગણરાજ્યોએ લિચ્છવીઓના સરદાર ચેતકના નેતૃત્વ નીચે ગણરાજ્યોનો એક બળવાન સંઘ બનાવ્યો હતો. લિચ્છવીઓનું પાટનગર 'વૈશાલી' હતું. વૈશાલીની જાહોજલાલી સમૃદ્ધ હતી. તેમાં અનેક મહાલયો, આરામગૃહો, કમળ આચ્છાદિત જળાશયો, વિહારો, ચેત્યો અને મહેલો હતા. અહીંની પ્રસિદ્ધ નૃત્યાંગના. 'આમ્રપાલી' એ પોતાનું 'આમ્રવન' બુદ્ધના ચરણે ધર્યું હતું. વૈશાલીના રાજ્યતંત્રમાં 7,707 રાજાઓ (નેતાઓ), તેટલા જ (7,707) ઉપરાજાઓ (ઉપનેતાઓ), સેનાપતિઓ અને ખજાનચીઓ હતા. આમ, અહીં બધા જ નાગરિકોને રાજ્યશાસનમાં અધિકાર હતો.સરકારનું રોજબરોજનું કાર્ય કરવા માટે આઠ કે નવા સભ્યોની 'કારોબારી' હતી. 9 સભ્યોની કારોબારી' વૈશાલીની પરદેશનીતિ સંભાળતી હતી. 8 સભ્યોની કારોબારી' ન્યાયનું કાર્ય સંભાળતી હતી. આમ, લિકવીની પ્રજાની એકતા અને શિસ્ત પ્રસંશનીય હતા. તેમની મહાનતા તેમના ચારિત્ર્યમાં હતી.

3. કપિલવસ્તુના શાક્યો વિશે ટૂંકમાં માહિતી આપો.

➢ બૌદ્ધ ગ્રંથોમાં જુદી જુદી જાતિઓનાં ગણરાજ્યોનો ઉલ્લેખ છે. તેમાં વૈશાલીના લિચ્છવીઓ, કપિલવસ્તુના શાક્યો, પાવા અને કુશીનગરના મલ્લો, પીપલીવનના મોરિય, સુમસુમોના ગિરિના મુગ અને મિથિલાના વિદેહો નોંધપાત્ર છે. કપિલવસ્તુના શાક્યોએ વિમાને બુદ્ધ જેવી વિભૂતિ આપી છે. ડો. રાધાકુમુદ મુખરજી ના મત પ્રમાણે કપિલવસ્તુ ગણરાજયમાં 80 હજાર કુટુંબો અથવા પાંચ લાખની વસ્તી હતી. કપિલવસતુનું તંત્ર પ્રજાતંત્ર હતું. તેમની 'સંથાગાર' (ધારાસભા) માં 500 સભ્યો હતા. 'સંથાગાર'ના પ્રમુખને 'રાજા' કહેતા. કોઈ પણ કાયદો ત્રણ વાર વાચન થયા પછી પસાર કરવામાં આવતો. અગત્યનાં પ્રશ્નોમાં 'શલાકા' (મતદાન માટે વાપરવામાં આવતી વિવિધ રંગની સળી) દ્વારા મત લેવામાં આવતો હતો. જરૂર જણાય તો અમુક પ્રશ્નોની ચર્ચા કરવા માટે તે પ્રશ્ન 'નાની સમિતિ'ને સોંપવામાં આવતો. કપિલવસ્તુના શાયોને તેમના સંસ્કારીપણા અને ઉચ્ચ કૂળનું ભારે ગૌરવ હતું. કેટલીક બૌદ્ધકથા દ્વારા એ જાણવા મળે છે કે શાક્યોમાં સમાનતાના ખ્યાલો પ્રવર્તતા હતા.

4. મલ્લ રાજ્ય શા માટે પ્રજાસત્તાક સંઘરાજ્ય ગણાતું?

➢ બૌદ્ધ ગ્રંથોમાં જુદી જુદી જાતિઓના ગણરાજ્યોનો ઉલ્લેખ છે, તેમાં વૈશાલીના લિકવીઓ, કપિલવસ્તુના શક્યો, પાવા અને કુશીનગરના મલ્લો, પીપલીવનના મૌરિય, સુમસુમારના ગિરિના મગ્ન અને મિથિલાના વિદેહો નોંધપાત્ર છે. મલ્લ રાજ્યની બે શાખાઓ હતી, એક શાખા પાવાપુરીમાં અને બીજી શાખા કુશીનગરમાં હતી.

પાવાપુરીમાં મહાવીર સ્વામી અને કુશિનગરમાં ગૌતમ બુદ્ધ નિર્વાણ પામ્યા હતા. મલ્લ રાજ્ય પ્રજાસત્તાક સંઘરાજ્ય હતું અને તેના બધા સભ્યો 'રાજા' કહેવાતા. પાવાપુરીમાં મલ્લીએ પોતાની પાર્લામેન્ટ માટે ’ઉન્મિટક’’ નામનું નવું મકાન બનાવ્યું હતું. અહિના વહીવટી અમલદારો પુરીશ' કહેવાતા હતા. જે આજનાં પોલીસ સાથે મળતા આવે છે. આ રાજ્ય બૌદ્ધ ધર્મને ભીખુ નું આનંદ અને અનિરુદ્ધ જેવા શિક્ષકો આપ્યા હતા .

## 5. મહાજનપદોની સમજૂતી આપો.

- બોદ્ધ અને જૈન ગ્રંથોમાંથી ઈ. સ. પૂર્વેની સાતમી સદીથી મૌર્ય સામ્રાજ્યના ઉદય સુધીનો આધારભૂત ઇતિહાસ મળી આવે છે. આ ઉપરાંત પુરાણો અને બીજા સંસ્કૃત સાહિત્યમાંથી પણ મહત્ત્વની માહિતી મળી આવે છે. અનુવૈદિક યુગ(ઈ. સ. પૂર્વે 650થી ઈ. સ. પૂર્વે 32જ)માં ઉત્તર ભારતમાં પણ જનપદો અને મહાજનપદો અસ્તિત્વમાં આવ્યાં હતા.આ સમયે કૉઈ મોટું સામ્રાજ્ય અસ્તિત્વમાં ન હતું. સમગ્ર ઉત્તર ભારત નાનાં-મોટાં રાજ્યોમાં વહેંચાઈ ગયું હતું. આ સમયે જુદી જુદી જાતિઓના બનેલાં જનપદો સ્થપાયાં હતા, જે ’નગરરાજ્ય" તરીકે ઓળખાતાં હતાં. તેમની શાસનપદ્ધતિ લો કશાહી ઢબની હતી. આથી આ નગરરાજ્યો પ્રજાતંત્રી કે ગણતંત્રી રાજ્યો તરીકે ઓળખાયાં. ભારતીય સંસ્કૃતિની દષ્ટિએ પણ આ મહાજનપદો મહત્ત્વનાં હતાં. મહાવીર સ્વામી અને ગૌતમ બુદ્ધે આ મહાજનપદોમાં ધર્મપ્રચાર કર્યો હતો. વૈદિક સાહિત્યમાં કીલો કે જનપદોનો ઉલ્લેખ છે .મહાભારત અને પાલિ ભાષાના 'ત્રિપિટક' ગ્રંથોમાં પણ 16 મહાજનપદોનો ઉલ્લેખ છે. આ દરેક મહાજનપદની પોતાની એક ’સભા' હતી. જેમાં વહીવટ, સંરક્ષણ, યુદ્ધ, સંધિ વગેરે જેવા મહત્ત્વના પ્રશ્નો પર વિચારવિમર્શ કર્યા બાદ નિર્ણયો લેવામાં આવતા હતા. આ 'સભા'માં જ ગણરાજ્યોના ’પ્રમુખ’ની પસંદગી થતી હતી. આમ, અહીં, ગ્રીસનાં નગરરાજ્યો જેવી પ્રત્યક્ષ લોકશાહી પદ્ધતિ હતી, જે મહાજનપદોની વિશિષ્ટતા ગણાય છે.

## 6. ટૂંક નોંધ લખો : મગધની સર્વોપરિતા

- મગધમાં મોર્યવંશની સ્થાપના થઈ તે પહેલાં હર્યકવંશના બિંબિસારે રાજદ્વારી લગ્નસંબંધો અને શાંતિમય માર્ગોએ રાજ્યનો વિસ્તાર કર્યો હતો. બિંબિસારે અંગ રાજ્યને ખાલસા કરી તેને મગધમાં ભેળવી દીધું. અજાતશત્રુએ વૈશાલી ગણરાજ્ય પર આક્રમણ કરી તેને જીતી લીધું હતું.
- આમ, અજાતશત્રુના સમયમાં અંગ, કાશી, વૈશાલી અને તેની આજુબાજુના પ્રદેશો મગધના ભાગો બન્યા. શિશુનાગવંશના રાજા શિશુનાગ આક્રમણ કરી અવંતિને જીતી લઈ મગધમાં ભેળવી દીધું. નંદવંશના રાજા મહાપાનંદે કલિંગ ઉપર વિજય મેળવ્યો હતો. તેણે ઈશ્વાકુ, કુરુ, પાંચાલ, શૂરસેન, મિથિલા, અશ્મક, હૈહય વગેરે પર વિજય મેળવ્યા હતાં. આમ, ચંદ્રગુપ્ત મૌર્યના શાસન પૂર્વેના રાજવંશોએ વિજયો મેળવી સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મગધના એકચક્રી શાસનની સ્થાપના કરી હતી. આ પછી ચંદ્રગુપ્ત મૌર્યે પોતાની બુદ્ધિશક્તિ, કૌશલ્ય અને સાહસિકતા વડે સમગ્ર ભારતમાં મગધની સત્તા વિસ્તારવાનો પ્રારંભ કર્યો. તેના આ ભગીરથ પ્રયાસમાં રાજનીતિજ્ઞ અને મહાન મુત્સદ્દી ચાણક્ય(કાટિલ્ય)નો તેને સક્રિય સાથ સહકાર મળ્યો. તેના પરિણામે મગધ ભારત વર્ષનું એક સર્વોચ્ચ રાજ્ય બન્યું.

7. ભારત પરના ઈરાની આક્રમણની સમજૂતી આપો.

➢ પ્રાચીન સમયથી ભારત અને ઈરાન વચ્ચે સાંસ્કૃતિક સંબંધ હતો. ભારતમાં આર્યો જેમ જેમ પૂર્વ તરફ આગળ વધતા ગયા તેમ તમે સંબંધો ઓછા થતા ગયા. ઈ. સ. પુર્વેની છઠ્ઠી સદીમાં સમ્રાટ સાયરસે ભારત પર આક્રમણ કરવાનું શરૂ કર્યું. એકમેનિયન (હખમનિષય) વંશના સમ્રાટ દરાયસે ગાંધાર (વર્તમાન અફઘાનિસ્તાન) જીતી લીધો. દરાયસ પહેલાએ (ઈ. સ. પૂર્વે 517) સ્કાયલે રા નામના વહાણવટીને સિંધુ નદીના પ્રવાહોની શોધ માટે વહાણોનો કાફલો લઈને મોકલ્યો હતો. દરાયસનાં પુત્ર ઝકસીસે ગ્રી ક નગરરાજ્યોને પરાજય આપવા પોતાના સૈન્યમાં હિન્દી અને ગાંધારોની ટુકડી બનાવી હતી. ઈ. સ. પૂર્વે 330 સુધી હિન્દના વાયવ્ય સરહદ પરના પ્રદેશો પર ઈરાની આધિપત્ય હતું. કેમ કે સિકંદર સામે ઈરાની સમ્રાટ દરાયસ ત્રીજાનો પરાજય થયો. સિકંદરનો ભારત આવવાનો માર્ગ સરળ બન્યો.